# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ-૩૬૨૦૦૧ (ગુજરાત)

### જાહેરાત ક્રમાંક : ૧/૨૦૧૯

આ વિશ્વવિદ્યાલય હેઠળના ક્ષેત્રાધિકારમાં આવેલ જૂદી-જૂદી કચેરીઓમાં નીચે દર્શાવેલ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ કરાર આધારે ફિક્સ પગારથી પાંચ વર્ષના સમયગાળા માટે ભરવાની થતી હોય, સદરહુ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહીલા માટે અનામત | | | | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. વર્ગ | આર્થિક રીતે નબળા વર્ગો | બિન અનામત | અનુ. જાતી | અનુ.જન જાતી | સા.શૈ.પ. વર્ગ | આર્થિક રીતે નબળા વર્ગો | માજી સૈનિક | શા.ખો.ખા |
| ૧. | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (એગ્રી એન્જી.) | ૦૬ | ૦૫ | -- | -- | ૦૧ | -- | ૦૧ | - | -- | -- | -- | ૦૧ | -- |

| | |
|---|---|
| ૧. | સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ (એગ્રી.એન્જી.) **વય મર્યાદા : ૧૮ થી ૩૫ વર્ષ** |
| **પગાર ધોરણ** | પે મેટ્રીક્સ લેવલ-(૭) રૂા. ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦/-<br>કરાર આધારે માસિક ફિક્સ પગાર રૂા.૩૮૦૯૦/- પાંચ વર્ષ સુધી |
| Edu.Qualification | (A) Atleast First class Bachelor's degree in the concerned faculty (Agricultural Engineering & Technology discipline) obtained from any of Agricultural Universities incorporated or Established by or under the Central Agriculture Universities Act or a State Agriculture Universities Act in India.<br>OR<br>A Second class master's degree in any subject of the concerned faculty (Agricultural Engineering & Technology discipline) obtained from any of Agricultural Universities incorporated or Established by or under the Central Agriculture Universities Act or a State Agriculture Universities Act in India.<br>ઉપરોકત શૈક્ષણિક લાયકાતમાં અનુ.જાતી/અનુ.જનજાતી વર્ગના ઉમેદવારોને શૈક્ષણિક લાયકાતમાં ૫% (પાંચ ટકા)ની છુટછાટ મળવાપાત્ર રહેશે. |

ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના કોમન સ્ટેચ્યુટ નં.એસ-૧૧૬ સેવા (બિનશૈક્ષણિક કર્મચારી ભરતી) નિયમ-૨૦૧૧ મુજબ વયમર્યાદા દર્શાવેલ છે. તેમાં નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઠરાવ નં. સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૬/૧૦/૨૦૧૫ મુજબ જે તે જગ્યા માટે વયમર્યાદામાં વધારો કરવામાં આવેલ છે.

ઉપરોકત જગ્યાના ઉમેદવારોએ ઉપરોકત શૈક્ષણિક લાયકાત ઉપરાંત નામદાર સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવથી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨માં કોમ્પ્યુટર વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોવા જોઈએ અને આધાર તરીકે અરજી સાથે માર્કશીટ / પ્રમાણપત્ર જોડવાના રહેશે.

કુલસચિવ

જૂનાગઢ
તા.૧૭/૦૬/૨૦૧૯

# અરજી પત્રકની વિગતો

**(અ) અરજી પત્રકની ફી નીચેની વિગતે ભરવાની રહેશે.**(ફી કોઈ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી)

| ક્રમ | વિગત | અરજી ફીની રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવાર માટે | ૧૦૦૦/- |
| ૨. | અનામત પુરૂષ /મહિલા ઉમેદવાર માટે. (EWS/ST/SC/SEBC/PH) | ૨૫૦/- |
| ૩. | માજી સૈનિક | -- |

| | |
|---|---|
| **(બ)** | **અરજી પત્રક ભરવા અંગેની માહિતી.** |
| | ઉમેદવારે સૌપ્રથમ વેબસાઈટ ojas.jau.in ઉપર ઓનલાઈન અરજી પત્રક ભરીને સબમીટ કરવાનું રહેશે. ત્યારબાદ તેમાં દર્શાવેલ Paymentની માહિતીમાં ભરેલ ફીની માહિતી, ફી ભર્યાના ૨૪ કલાક બાદ ભરવાની રહેશે. ત્યારબાદ ફોર્મને Lock (લોક) કર્યા બાદ જ પ્રીન્ટ કાઢવાની રહેશે. ભરવામાં આવેલ ઓનલાઈન અરજી ફોર્મની પ્રીન્ટ નકલ, ભરેલ ચલણની નકલ તથા જરૂરી તમામ પ્રમાણપત્ર સ્વપ્રમાણિત કરી બિડાણો સાથે **કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧**ની કચેરી ખાતે **તા.૨૦/૦૭/૨૦૧૯**સુધીમાં પોસ્ટ અથવા રૂબરૂમાં કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૦:૩૦ થી ૧૮:૦૦ કલાક સુધીમાં પહોચતા કરવાના રહેશે. **ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત અને આ સાથે સામેલ અગત્યની સૂચનાઓ વાંચી સમજી અરજી કરવાની રહેશે.** |
| **(ક)** | **સામાન્ય સૂચનાઓ :-** |
| (૧) | અરજી પત્રક ઉપર નિયત કરેલ જગ્યાએ તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ અવશ્ય લગાવવાનો રહેશે. ઉમેદવારે અરજી મોકલતી વખતે કવર પર " **જગ્યાનું નામ** " દર્શાવવાનું રહેશે. |
| (૨) | અધૂરી / સહી વગરની /અસ્પષ્ટ /અવાચ્ય અરજી રદ્દ થવા પાત્ર રહેશે. તેમજ રદ્દ માટેના કોઈ કારણ આપવામાં આવશે નહીં અને નિયત સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ કોઈપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. |
| (૩) | ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે.આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે શૈક્ષણિક લાયકાત,શાળા છોડયાનું પ્રમાણપત્ર,જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે.જેથી યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અરજીમાંની વિગતો ખોટી/અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને પસંદગી/નિમણુંક રદ્દ કરવામાં આવશે. |
| (૪) | અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ છે. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે અને અરજી સાથે જોડવાનું રહેશે. EWS અનામત બાબતે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૩/૦૧/૨૦૧૯ મુજબ કાર્યવાહિ કરવામાં આવશે. |
| (૫) | નામ.સરકારશ્રીના નાંણા વિભાગના તા.૧૬/૨/૦૬, તેમજ વખતો વખતના ઠરાવોની જોગવાઈઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે રૂા.૩૮૦૯૦/- પ્રતિમાસ ફીકસ પગારથી નિમણુંક અપાશે તેમજ સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના તા.૨૮/૦૩/૧૬ના ઠરાવમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે પ્રવર્તમાન પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાપાત્ર થશે. તેમજ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ધારા ધોરણો લાગુ પડશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધીન રહેશે. |

| | |
|---|---|
| (૬) | ફીક્સ પગારની પાંચ વર્ષની કરાર આધારિત સેવા હેઠળ પસંદગી પામેલ ઉમેદવારોની પાંચ વર્ષની સેવાઓ/ ફરજો સંતોષકારક હશે તો જ નામદાર સરકારશ્રીના નિયમોનુસાર નિયત પગાર ધોરણમાં નિયમિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. અસામાન્ય સંજોગોમાં યુનિવર્સિટી ઉપરોકત કરારી સેવા ગમે ત્યારે રદ્દ કરી શકશે અને તે અંગે કોઈ વળતર ચૂકવવાપાત્ર થશે નહિ. તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક અધિકારીને સંતોષકારક જણાયેથી સબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારધોરણ મુજબ મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમોનુસાર નિમણુંક મેળવવાને પાત્ર થશે. |
| (૭) | ફિક્સ પગારની યોજના હેઠળ ઉમેદવાર પસંદગી પામશે તો નામ.સરકારશ્રીના વખતો-વખતના CCC(Course on Computer Concepts)ની પરીક્ષા અંગે જે નિયમો નિયત કરે તે મુજબ CCCની સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો પરથી પાસ કરવાની રહેશે. |
| (૮) | ફીક્સ પગારથી લાયક ઉમેદવારને પાંચ (૦૫) વર્ષનાં અજમાયશી ધોરણે યુનિવર્સિટી ખાતેની જગ્યા ઉપર સત્તાધિકારી દ્વારા નિમણુંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો,કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ સરકારશ્રીના વખતો-વખતના ઠરાવ મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળામાં પાસ કરવાની રહેશે. |
| (૯) | **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો,૧૯૬૭ ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ. |
| (૧૦) | **વયમર્યાદામાં છુટછાટ** : મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના ઉમેદવારો તથા તમામ મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે. |
| | • સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારોને — ૦૫ વર્ષ |
| | • અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને — ૦૫ વર્ષ |
| | • અનામત વર્ગના મહિલા ઉમેદવારોને — ૧૦ વર્ષ |
| | • માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા (૧) મુજબ. |
| **નોંધ :-** | |
| | **1.** માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉમરમાંથી બાદ કરતા મળતી ઉમર ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઈએ નહી. માજી સૈનિક માટે નિયમોનુસાર ૧૦ ટકા જગ્યા અનામત છે. બધી જ છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં **૪૫ વર્ષ** ની ઉમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છુટ છાટ મળશે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સબંધિત જે તે કેટેગરી(જનરલ, એસઇબીસી) સામે સરભર કરવામાં આવશે માજી સૈનિકની અનામત જગ્યા માટે માજી સૈનિક ઉમેદવાર નહી મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે. |
| | **2.** અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના જ ઉમેદવારો માટે છે. અનામત વર્ગના ઉમેદવાર બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેવા કિસ્સામાં વયમર્યાદા અને લાયકાત વગેરે અંગે બિનઅનામતના ધોરણો લાગુ પડશે. |
| | **3.** જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે, તે ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ **૪૫ વર્ષ** ની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| | **4.** સામાન્ય વહિવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ નં.સીઆરસી/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ (ભાગ-૧) ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે. |

| | |
|---|---|
| | **5.** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનાનું નોન ક્રિમીલીયર સર્ટીફિકેટ તા.૧/૪/૨૦૧૮ અથવા નામ.સરકારશ્રીના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના ઠરાવ નં.સશૈપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ : ૨૬/૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ માન્ય મુદતનું હોવું જોઈએ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો, તેઓની ઉમેદવારી રદ્દ થશે અને વય મર્યાદામાં આવતા હશે તો સામાન્ય કક્ષામાં ગણવામાં આવશે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ નોન-ક્રીમીલીયેર સર્ટીફીકેટની પ્રમાણિત નકલ અરજી સાથે જોડવાની રહેશે. |
| | **6.** SC/ST/SEBC/EWS કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો અનામત કક્ષાની અરજી ફી ભરવાની રહેશે. |
| | **7.** અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યા આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિન અનામતના ધોરણો લાગુ પડશે |
| | **8.** સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ(૨) તેમજ સરકારશ્રીના વખતોવખતના સુધારા પરિપત્રમાં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત કસોટી પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. યુનિવર્સિટી માંગે ત્યારે તેના તમામ પુરાવા (મેરેજ સર્ટીફિકેટ, પતિના ડેથ સર્ટીફિકેટ અને પુન:લગ્ન કરેલ નથી તેવી એફીડેવીડ) યુનિવર્સિટીને અસલમાં ફરજીયાત પણે રજુ કરવાના રહેશે. અન્યથા તેઓની ઉમેદવારી રદ્દ પાત્ર થશે. |
| | **9.** એથલેટિકસ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત) બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ,ટેબલ ટેનીશ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઇફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય/આંતર યુનિવર્સિટી/અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતીનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગી અગ્રતા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨/ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮૩૬૪૪/ગ.૨/માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર યુનિવર્સિટી માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવારને જ રમતના ગુણ માટે હકકદાર થશે. રમત અંગેના પ્રમાણપત્ર માટે નિયત કરેલ સત્તાધિકારી તથા ફોર્મના નમૂનાઓ જાહેરાતના અંતે સામેલ છે. |
| | **10.** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન-ક્રીમીલીયેર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. |
| | **11.** ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટી (SAU)ના કર્મચારીઓ માટે મહત્તમ વયમર્યાદામાં સ્ટેચ્યુટ S-116 ના નિયમ ૨૭.૩ મુજબ છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| (૧૧) | તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન-ક્રીમીલેયર સર્ટી અન્ય જરૂરી લાયકાત માટે (Cut of date) તા.૨૦/૦૭/૨૦૧૯ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. |

**પસંદગી પ્રક્રીયા : –**

| | |
|---|---|
| ❖ | નામ.સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ નં. પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-કતા.૬/૧૧/૧૫ મુજબ વર્ગ-૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણુંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઈ રદ્દ થતાં ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે. |

- ❖ જાહેરાત અન્વયે આવેલ અરજીઓની તજજ્ઞોની સમિતિ દ્વારા ચકાસણી કરવામાં આવશે જેમાં શૈક્ષણિક લાયકાત, ઉંમર વિગેરે ધ્યાનમાં રાખી માન્ય અને અમાન્ય ઉમેદવારોની યાદી તેમજ સ્પર્ધાત્મક લેખિત/ઓનલાઇન પરિક્ષા માટે માન્ય ઉમેદવારોની યાદી અને પરિક્ષાની તારીખ આ યુનિવર્સિટીની વેબસાઇટ www.jau.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે અને માન્ય ઉમેદવારોને લેખિત / ઓનલાઇન પરિક્ષામાં ઉપસ્થિત રહેવા માટે કોલ લેટર વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવાનો રહેશે. **ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે દર્શાવેલ મોબાઇલ નંબર ચાલુ જ રાખવો તેમજ યુનિવર્સિટી તરફથી આ પરિક્ષાને સંબંધિત પરિક્ષાલક્ષી સુચનાઓ વખતો-વખત યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવામાં આવશે. એટલે અરજીકર્તા ઉમેદવારોએ સમયાંતરે વેબસાઇટ ચેક કરવાની રહેશે.**
- ❖ લેખિત/ઓનલાઇન પરિક્ષાના આધારે ૧૦૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણને આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને જગ્યાના પ્રમાણમાં મેરીટ મુજબ લાયક ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે, અને વેરીફિકેશન વખતે જો કોઇ વિસંગતતા જણાશે તો ઉમેદવાર ભરતીના ગમે તે સ્ટેજે પહોંચેલ હશે તો પણ તેમની અરજી અમાન્ય થવા પાત્ર રહેશે, અને મેરીટ મુજબ લાયક ઠર્યા બાદ જાહેરાતમાં જણાવેલ જગ્યા તેમજ પ્રવર્તમાન અનામત નિતિને ધ્યાને લઇ નિમંણૂક આપવામાં આવશે.
- ❖ સિનિયર રિસર્ચ આસી.(એગ્રી.એન્જી.) સંવર્ગની ભરતી માટે લેવાની થતી લેખિત/ઓનલાઈન પરીક્ષાનું સ્વરૂપ MCQ પ્રકારનુ રહેશે જેમાં ૯૦ મીનીટમાં ૧૦૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે તેમજ પ્રત્યેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે તેમજ પ્રત્યેક પ્રશ્નમાં ઉમેદવારોને ૪(ચાર) વિકલ્પો આપવામાં આવશે. તેમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે. અને સદરહુ ઓનલાઇન સ્પર્ધાત્મક પરિક્ષા કોમ્પ્યુટર પર(ઓનલાઇન) લેવામાં આવશે અને માઇનસ ૦.૨ માર્કસ (એક પ્રશ્ન ખોટો પડે તો) ની પધ્ધતી રાખવામાં આવશે.
- ❖ સિનિયર રિસર્ચ આસીસ્ટન્ટ(એગ્રી.એન્જી.) સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત/ ઓનલાઇન પરીક્ષાનું **માધ્યમ અંગ્રેજી રહેશે** અને પરિક્ષાનો કોર્ષ કન્ટેન્ટ નિચે મુજબ રહેશે.

| | |
|---|---|
| **(અ)** સામાન્યજ્ઞાન, ભારતનો ઇતિહાસ, સંસ્કૃતિ તેમજ વર્તમાન બાબતો | ૨૦ પ્રશ્નો |
| **(બ)** ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા કૃષિ ઇજનેરી અને ટેકનોલોજીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ મુજબ | ૮૦ પ્રશ્નો |
| **કુલ (અ + બ)** | ૧૦૦ પ્રશ્નો |

- ❖ ઉકત સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનું મેરીટ એકસરખું થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
  - **(અ)** જો એક કરતાં વધારે ઉમેદવારોના મેરીટ / ગુણ એકસરખા આવેલ હોય, તેવા ઉમેદવારો માટે તેમની જન્મ તારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધ્યાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.
  - **(બ)** ઉકત(અ) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં કૃષિ ઇજનેરી અને ટેકનોલોજીની સ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ગુણને ધ્યાને રાખી અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.
  - **(ક)** ઉકત (બ) મુજબ કૃષિ ઇજનેરી અને ટેકનોલોજીની સ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ- ૧૦માં મેળવેલા કુલ ગુણને ધ્યાને લઇ તે મુજબ અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે.
- ❖ શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ, માજી સૈનિક, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ યુનિવર્સિટી માંગે ત્યારે ઉમેદવારે અસલમાં રજુ કરવાના રહેશે. આવા પુરાવા રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્ર જે તે તબકકે રદ્દ કરવાપાત્ર થશે.

| | |
|---|---|
| ❖ | ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના(સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણુંક રદ્દ કરી પડતો મુકી શકશે. નિમણુંક બાબતે નિમણુક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે. |
| ❖ | ઉમેદવારોએ કચેરી તરફથી લેખિત/ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવે ત્યારે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. |
| ❖ | ઉપરોકત તમામ જગ્યાઓ રાજય સરકારશ્રીના પ્રવર્તમાન અને વખતો વખતની સુચનાઓ તેમજ નિયમોનુસાર ભરવામાં આવશે. |
| ❖ | આ જાહેરાતને સંલગ્ન તમામ સુચનાઓ આ યુનિવર્સિટીની વેબસાઇટ www.jau.in પર વખતો-વખત પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી અરજી કરેલ ઉમેદવારોએ યુનિવર્સિટી વેબસાઇટ સમયાંતરે જોતા રહેવા જણાવવામાં આવે છે. |
| ❖ | **આ જાહેરાત કે ભરતી પ્રકિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો, તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે તેમજ અરજી ફીની રકમ કોઈ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર થશે નહી. ઉપરોકત જગ્યાઓની ભરતી અંગેના કોઈપણ નિર્ણય માટે યુનિવર્સિટીને હકક અબાધિત રહેશે. યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.** |

## <u>અરજી પત્રક ભરવા અંગેની માહિતી</u>

| ક્રમ | વિગત | તારીખ | |
|---|---|---|---|
| | | ક્યાંથી | ક્યાં સુધી |
| ૧ | વેબસાઈટ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૨૧/૦૬/૨૦૧૯ | તા. ૨૦/૦૭/૨૦૧૯ |
| ૨ | ફી ભરવાની તારીખ | તા.૨૨/૦૬/૨૦૧૯ | તા.૧૩/૦૭/૨૦૧૯ |
| ૩ | ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવાની તથા ફોર્મ પ્રીન્ટ કાઢવાની તારીખ | તા.૨૨/૦૬/૨૦૧૯ | તા.૧૩/૦૭/૨૦૧૯ |
| ૪ | ઓનલાઈન કરેલ અરજીની હાર્ડકોપી જરૂરી પ્રમાણપત્રો સાથે મોકલવાની તારીખ | તા.૨૨/૦૬/૨૦૧૯ | તા.૨૦/૦૭/ ૨૦૧૯ ૧૮:૦૦ કલાક સુધી |

જૂનાગઢ
તા.૧૭/૦૬/૨૦૧૯

કુલસચિવ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જોડાણ—ખ

ખેલકૂદ સ્પર્ધામાં ભાગ લેવા અંગે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓને પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારીઓની યાદી :—

| ક્રમ | સ્પર્ધા | પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી | પ્રમાણપત્ર આપવાનું ફોર્મ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | આંતરરાષ્ટ્રીય સ્પર્ધા. | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી. | ૧ |
| ૨. | રાષ્ટ્રીય સ્પર્ધા. | સંબંધિત રમતના રાષ્ટ્રીય સંઘના સેક્રેટરી અથવા રાજ્ય એસોસિએશનના સેક્રેટરી. | ૨ |
| ૩. | આંતર યુનિવર્સિટી ટુર્નામેન્ટ. | સંબંધિત યુનિવર્સિટીઓની ખેલકૂદનો સમગ્ર હવાલો ખેલકૂદના ડીન અથવા બીજા કોઈ અધિકારી. | ૩ |
| ૪. | શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકૂદ/રમતો. | રાજ્યની જાહેર સંસ્થા/શિક્ષણ નિયામકની કચેરીમાંના શાળાઓ માટેની ખેલકુદ/રમતોનો સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુકત અથવા નાયબ નિયામક. | ૪ |

નોંધ.—ઉપર ઉલ્લેખેલ ફોર્મ ૧, ૨, ૩ અને ૪ના નમૂના જોડાણ 'ગ' માં આપ્યાં છે.

જોડાણ–ગ

જોડાણ–ખમાં ઉલ્લેખેલ નમુનાના ફોર્મ

ફોર્મ–૧.

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે.)

રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિએશન.......

રાજય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..........................................તે શ્રી..........................................ના/પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..........................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું) એમણે તારીખ..........................................થી..........................................સુધી..........................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં..........................................રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન..........................................છે.

..........................................ના રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોશિયેશન કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહી ..........................................

સ્થળ..........................................

નામ ..........................................

તારીખ..........................................

હોદ્દો ..........................................

સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશનનું નામ..........................................

સરનામું ..........................................

સિક્કો ..........................................

નોંધ.—રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસિયેશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ–૨

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજયનું પ્રતિનિધિત્વ કરવા માટે)

..........................................................................ની રમતનું..........................................................રાજય

એસોસિયેશન રાજય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/ સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..........................................તે શ્રી..........................
ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..........................................................................ખાતે રહે છે.
(પૂરેપૂરું સરનામું) એમણે તારીખ..........................................થી તારીખ..........................................સુધી
..........................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં..........................................................
રમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન..........................................છે.

..........................................ના રાજય સંઘની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ.......................................... સહી..........................................

તારીખ.......................................... નામ..........................................

રાજય એસોસિયેશનનું નામ..........................................

સરનામું..........................................

સિક્કો..........................................

નોંધ:—રાજય એસોસિયેશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

ફોર્મ—૩

(કોઈ પણ માન્ય રમત/ખેલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનુ પ્રતિનિધિત્વ કરવા માટે)

.......................................................................................યુનિવર્સિટી.

**રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.......................................................................તે
શ્રી.......................................................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ.......................................
.......................................................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું).......................................ના
વિદ્યાર્થી છે. એમણે તારીખ ..........................................થી તારીખ..........................................................સુધી
.......................................................................ખાતે યોજાયેલ યુનિવર્સિટી સ્પર્ધા/ટુર્નામેન્ટમાં.......................................
રમતમાં.......................................................................યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રાપ્ત કરેલ સ્થાન.......................................................છે.

.......................................................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદ ડીન અથવા અધિકારીની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ.......................................................

તારીખ.......................................................

સહી .......................................................

હોદ્દો .......................................................

યુનિવર્સિટીનું નામ .......................................................

સરનામું .......................................................

સિક્કો .......................................................

નોંધ:—.......................................................યુનિવર્સિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ડીન/નિયામક અથવા બીજા અધિકારીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ—૪

(કોઈ પણ માન્ય રમતમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજ્ય શાળા ટુકડીનું પ્રતિનિધિત્વ કરવા માટે).

..........................................................રાજ્યના/જાહેર શિક્ષણ નિયામકની કચેરી રાજ્ય સરકાર હેઠળને। વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/ સેવાઓ નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..........................................તે શ્રી.......................... ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ..........................................................ખાતે રહે છે. (પૂરેપૂરું સરનામું)..........................................................ના વિદ્યાર્થી છે. એમણે તારીખ..........................................થી . તારીખ.......................... સુધી..........................................ખાતે યોજાયેલ શાળાઓ માટેની રાષ્ટ્રીય રમતોમાં.......................... ..........................................રમતમાં..........................................રાજ્ય . શાળા/ટુકડીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામિન્ટમાં વ્યક્તિઓ/ટુકડીઓ પ્રાપ્ત કરેલ સ્થાન..........................................છે.

..........................................................ની જાહેર શિક્ષણ નિયામકની કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ..........................................
તારીખ..........................................

સહી ..........................................
નામ ..........................................
હોદ્દો ..........................................
સરનામું ..........................................
સિક્કો ..........................................

નોંધ—રાજ્યના જાહેર શિક્ષણ નિયામકની કચેરીમાં શાળાઓ માટેની ખેલકૂદ અને રમતના સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુક્ત/નાયબ નિયામકે પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

सत्यमेव जयते

ગુજરાત રાજય

<u>પરિશિષ્ટ.૪</u>

ફોટો

પ્રમાણપત્ર ક્રમાંકઃ-.................

ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોનું નોન ક્રિમીલેયરનું પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી ................................................ શ્રી.......................................................................ના પુત્ર/પુત્રી ગામ/નગર .......................... તાલુકો.......................... જિલ્લો..........................ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર /૧૦૭૮/૧૩૭૩૪/હ, તેમજ ત્યારબાદના વખતોવખત બહાર પાડવામાં આવેલ અદ્યતન સુધારા ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ પૈકી .............................. જાતિના છે.

શ્રી ........................................................................ અને /અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના ................................................ જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તેઓ / તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ નંબરઃ સશપ/૧૧૯૪/ખા.૧૦૯/અ સાથેના પરિશિષ્ટ થી તેમજ વખતો વખત થયેલ સ્વીકૃત સુધારાથી નિયત કરવામાં આવેલ ઉન્નત્ત વર્ગો (Creamy layer)ની વ્યકતિ/જુથમાં સમાવેશ થતો નથી.

તારીખઃ-

(સીલ)

સક્ષમ અધિકારીની સહી/-

નામઃ-

હોદ્દોઃ-

રજુ કરેલ આધારોઃ-

૧.

૨.

૩.

(Appendix to Resolution of Social Justice and Empowerment Department Dt.25/1/2019
No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No : ...............

सत्यमेव जयते

**Photo**

# Government of Gujarat

## Eligibility Certificate For Economically Weaker Sections

**(Only for the purpose of EWS reservation under Gujarat state)**

This is to certify that Shri/ Smt/ Kumari ..................................................
is the Son /daughter/ward of .......................................................................
He/She is the Resident of Village /City ......................................................
Taluka/Tehsil...................................... District. ...........................................
and he/she belongs to .............caste/class/Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes/ Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No. EWS/122019/45903/A, Dt.23.01.2019 his/her gross family annual income from all sources is Rs..........., which is less than Rs.8,00,000/- therefore it is further certified that he/she is within category of Economically Weaker Sections.

Place:-
Date :-

Signature :-
Name :-
Designation :-

**This Certificate has been issued on the basis of following proof / evidences/ documents.**

1.
2.
3.

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:
ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંક: ...............

ફોટો

सत्यमेव जयते

# ગુજરાત સરકાર

## આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર

(ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે)

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/ શ્રીમતી/કુમારી .......................................શ્રી ....................................................... ના પુત્ર/પુત્રી/પાલ્ય છે. તેઓ ગામ/નગર ....................... તાલુકો ......................... જિલ્લો........................ના રહેવાસી છે. તેઓ ................ જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો/અન્ય પછાત વર્ગોમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા..૨૩/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેમના/તેણીના કુટુંબના બધા સ્ત્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂ. --------------- છે, જે રૂ. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો/તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

સ્થળ :-

સહી/-

નામ :-

તારીખ:-

હોદ્દો:-

(કચેરીનું રાઉન્ડ સીલ)

(કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારો:-
૧.
૨.
૩.

સા.વ.વિ.નાં તા.૯-૧૨-૨૦૦૮નાં પરિપત્ર ક્રમાંક:-પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૦૭-ગ.૨ સાથેનું બિડાણ

પરિશિષ્ટ- '૨૫'

NAME & ADDRESS OF THE INSTITUTE / HOSPITAL

Certificate No.____________________ Date :___________

## DISABILITY CERTIFICATE

This is to certify that Shri / Smt. / Kum. ______________________ Son/wife/daughter of Shri ____________________ Age : _______ Sex _______ identification mark (s) is suffering from permanent disability of following category :-

Affix here recent attested photograph showing the disability duly attested by the Suprintendent/Civil Surgeon, Govt.Hospital

A. Locomotor or cerebral palsy :

- (i) BL - Both legs affected but not arms
- (ii) BA - Both arms affected — (a) Impaired reach (b) Weakness of grip
- (iii) BLA - Both legs and both arms affected
- (iv) OL - One leg affected (right or left) — (a) Impaired reach (b) Weakness of grip (c) Ataxic
- (v) OA - One arm affected — (a) Impaired reach (b) Weakness of grip (c) Ataxic
- (vi) BH - Stiff back and hips (cannnot sit or stoop)
- (vii) MW - Muscular weakness and limited physical endurance.

B. Blindness or Low Vision — (i) B - Blind (ii) PB - Partially Blind

C. Hearing Impairment. — (i) D - Deaf (ii) PD - Partially Deaf

( DELETE THE CATEGORY WHICHEVER IS NOT APPLICABLE)

2. This condition is progressive / non-progressive / likely to improve / not likely to improve. Reassessment of this case is not reconmmended / is recommended after a period of ______ years _____ months. (Strik out which is not applicable).
3. Percentage of disability in his/her case is _____________ Percent.
4. Shri / Smt. / Kum. _____________ meets the following physical requirements for discharge of his / her duties :-

| | | |
|---|---|---|
| (i) | F-can perform work by manipulating with fingures | Yes/No |
| (ii) | PP-can perform work by pulling and pushing | Yes/No |
| (iii) | L-can perform work by lifting | Yes/No |
| (iv) | KC-can perform work by kneeling and cratching | Yes/No |
| (v) | B-can perform work by bending | Yes/No |
| (vi) | S-can perform work by sitting (on bench or chair) | Yes/No |
| (vii) | ST-can perform work by standing | Yes/No |
| (viii) | W-can perform work by walking | Yes/No |
| (ix) | SE-can perform work by seeing | Yes/No |
| (x) | H-can perform work by hearing/speaking | Yes/No |
| (xi) | RW-can perform work by reading and writing | Yes/No |

Suprintendent / Civil Surgeon
Govt.Hospital (With Seal)